# જુલાઈમાં રેલવે બજેટને અનુલક્ષી કેપીટલ સ્ટેશનને ન્યાય આપવા રજૂઆત

## સૌરાષ્ટ્રના શહેરો ઉપરાંત અન્ય રાજયોને જોડતી ટ્રેનો ફાળવવા તેમજ યાત્રિકોલક્ષી સુવિધા માટે રેલવે મંત્રીને રજૂઆત

ગાંધીનગર, તા.૨૩

આગામી જુલાઈ મહીનામાં રેલવે બજેટ રજુ કરવામાં આવનાર છે. ત્યારે કેપીટલ સ્ટેશનને જરૂરી ટ્રેઈનોનું જોડાણ આપી સ્ટેશન પર યાત્રિકો લક્ષી સુવિધાઓ ઉભી કરવા રેલવે મંત્રીને મહામંડળે રજૂઆત કરી છે. જેમાં ગાંધીનગરને સૌરાષ્ટ્રના શહેરો સાથે જોડતી ટ્રેઈન સેવા પુરી પાડવા પણ જણાવાયું છે.

શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચે આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે ગાંધીનગરની સ્થાપનાને ૫૦ વર્ષ પૂર્ણ થશે ત્યારે કેપીટલ સ્ટેશનને અન્ય પાટનગરની સમકક્ષ ગણી ટ્રેઈન સુવિધા પુરી પાડવાનું અનિવાર્ય બન્યું છે. ૧૯૭૨ના વર્ષમાં ગાંધીનગર-અમદાવાદ સાબરમતીના પાયા નંખાયા બાદ ૧૪૭૪ના વર્ષ દરમિયાન પ્રથમ ટ્રેઈન ગાંધીનગરમાં આવી હતી. જયારે અત્યાર સુધી કેપીટલ સ્ટેશનને પૂરતી ટ્રેઈનો ફાળવવા મહામંડળ દ્વારા ૪ હજાર જેટલા પત્રોના માધ્યમથી રજૂઆત કરવામાં આવી છે. આગામી જુલાઈ મહીનાના બીજા સપ્તાહમાં રેલવેનું અંદાજપત્ર રજૂ થવાનું છે તેને ધ્યાને લઈ મહામંડળ દ્વારા રેલવેમંત્રી સદાનંદ દેવગોડાને રજૂઆત કરવામાં આવી છે. મહામંડળના પદાધિકારીઓ મયુર વ્યાસ, સુધીર દેસાઈ, કીશોર જીકાદરા, કશ્યપ મહેતા તેમજ શશીકાંત મોઢાએ પણ કેપીટલ સ્ટેશનને નવી ટ્રેઈનો ફાળવવા રજૂઆત કરી છે. હાલ કલોલ થઈને જતી ૩૬ જેટલી ટ્રેઈનોને વાયા ગાંધીનગર કરી ગાંધીનગરને દેશના અન્ય રાજયો સાથે જોડવા પણ જણાવાયું છે. આ ઉપરાંત ગાંધીનગરને વેરાવળ-સોમનાથ, પોરબંદર-ઓખા-દ્વારકા અને કચ્છ-ભૂજ સહીતના સૌરાષ્ટ્ર વિસ્તાર સાથે જોડવા પણ નવી ટ્રેઈન શરુ કરવા રજૂઆતમાં જણાવાયું છે. વધુમાં કેપીટલ સ્ટેશનને યાત્રિકો લક્ષી સુવિધા જેવી કે પબ્લીક એનાઉન્સમેન્ટ સિસ્ટમ, કોચ ઈન્ડીકેટર્સ, કુલી, રીક્ષા સ્ટેન્ડ, પોલીસ સ્ટેશન તેમજ ૨૪ કલાક રીઝર્વેશન થાય તેવી જરુરી વ્યવસ્થા ગોઠવવા પણ રજુઆત કરવામાં આવી છે.




### સારા કામની શરૂઆત થઈ

ગાંધીનગર મુક્તિધામમાં દેવી-દેવતાઓની મૂર્તિઓ ખંડિત થવા પામી છે. ત્યારે જુ.સી.કા. દ્વારા શહરેમાં વસતા અલગ-અલગ સમાજને પોતાના ઈષ્ટ દેવતાઓની મૂર્તિઓને ફરીથી પ્રસ્થાપિત કરવા અપિલ કરવામાં આવી હતી. આજે જૈન સમાજ દ્વારા ભગવાન મહાવીરની આરસપહાણની મૂર્તિને પ્રસ્થાપિત કરી ભગીરથ કાર્યમાં પહેલ કરી છે.

(તસવીર : કશ્યપ નિમાવત)

# બાળકોને મધ્યાહ્ન ભોજન પીરસતા અક્ષયપાત્રે કર્મચારીઓને વગર નોટીસે છુટા કર્યા

## કાલથી કામે ના આવતા કહી છુટા કરી દેવાતા મધ્યમવર્ગના કર્મચારીઓની હાલત કફોડી : લાચાર કર્મચારીઓએ મુખ્યમંત્રી સમક્ષ ન્યાયની ધા નાંખી

ગાંધીનગર, તા.૨૩

ગુજરાત સરકારના મધ્યાહન ભોજન કાર્યક્રમ હેઠળ પ્રાથમિક શાળાના બાળકોને ભોજન પુરું પાડતી સંસ્થા અક્ષયપાત્ર ફાઉન્ડેશન દ્વારા સાત સાત વર્ષથી કાર્યરત કર્મચારીઓ જેવા કે સુપરવાઈઝર, ડ્રાઈવર અને હેલ્પરને 'આવતી કાલથી આવતા નહિ' જેવી માત્ર મૌખિક સુચનાથી છુટા કરી દેવાયા છે. આ કર્મચારીઓને સંસ્થા દ્વારા કોઈ પણ જાતના કારણ દર્શાવ્યા વિના તેમજ આગોતરી જાણ કર્યા વગર જ તાત્કાલિક અસરથી છુટા કરી દેવાતા આ કર્મચારીઓની હાલત કફોડી બની જવા પામી છે.

ઘર-પરિવાર ધરાવતા મધ્યમ વર્ગના આ કર્મચારીઓને એકાએક રસ્તે રઝળતા કરી દેવાતા આ સંસ્થા વિરુધ્ધ કર્મચારીઓએ રાજયના મુખ્યમંત્રી આનંદીબહેન પટેલને પત્ર લખી ફરિયાદ કરવાની સાથે મદદની રાવ નાંખી છે. ગાંધીનગર શહેર-તાલુકા તેમજ કલોલ અને માણસા તાલુકાની પ્રાથમિક શાળામાં બાળકોને ભોજન પહોંચાડવાની ફરજ નીતિ નિયમ અનુસાર બજાવતા છતાં તેમજ કોઈ પણ પ્રકારની અનૈતિક કામગીરી ના કરી હોવા છતાં કે સંસ્થાને આર્થિક કે અન્ય પ્રકારનું કોઈ નુકશાન ના પહોંચાડયું હોવા છતાં તેમણે છુટા કરી દેવાયા છે. એસસીઆઈસી દ્વારા પાંચ વખત એવોર્ડ મળ્યાની જાહેરાતો કરતી માતબર સંસ્થાના આ પગલાથી કર્મચારીઓ હેબતાઈ ગયા છે.

અક્ષયપાત્ર સંસ્થાના આ નિર્ણયને કારણે આ કર્મચારીઓ મોંઘવારીના આ સમયમાં એકાએક રસ્તે રઝળતા થઈ ગયા હોવાથી તેની સીધી અસર તેના પરિવારો પર પડી રહી છે. સંસ્થા દ્વારા સરકાર પાસેથી ગ્રાન્ટ તેમજ બહારથી પણ કરોડો રૂપિયાનું દાન મેળવાય છે છતાં કર્મચારીઓ પ્રત્યે અણગમો રાખીને છુટા કરી દેવામાં આવ્યા છે આથી કર્મચારીઓએ સંસ્થામાં રજુઆત કરતા કોઈ પણ પ્રકારનો પ્રત્યુત્તર ના મળતા વકીલ દ્વારા નોટીસ પણ મોકલવામાં આવી છે. આ કર્મચારીઓએ તેમને થયેલી માનસિક અને આર્થિક હેરાનગતિ સામે ન્યાય મેળવવા રાજયના મુખ્યમંત્રી સમક્ષ ધા નાંખી છે.

# ચ-૦ સર્કલ પાસે ટાટા સુમો જીપ પલ્ટી ખાતા પાંચને ઈજા

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર ચ-૦ સર્કલ પાસે આજે સાંજના સમયે મુસાફરો ભરેલી ટાટા સુમો જીપ અચાનક જ પલ્ટી મારી જતાં અકસ્માત સર્જાયો હતો.

મળતી માહિતી અનુસાર ગાંધીનગર શહેરના ચ-૦ સર્કલ પાસે સાંજના સમયે પસાર થતી મુસાફરો ભરેલી ટાટા સુમો જીપ અગમ્ય કારણોસર પલ્ટી ખાઈ ગઈ હતી. પરિણામે અકસ્માત સર્જાયો હતો. જીપને અકસ્માત નડતા જીપમાં સવાર મુસાફરોના જીવ તાળવે બંધાયા હતા. જો કે ગંભીર ન હોવાને લીધે પાંચ જેટલા મુસાફરોને નાની મોટી-ઈજાઓ થવા પામી હતી. આથી તમામને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ગાંધીનગર સિવિલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તમામને પ્રાથમિક સારવાર આપી રજા આપવામાં આવી હતી. આ સંદર્ભે ઈન્ફોસીટી પોલીસે ફરિયાદ લઈ વધુ કાર્યવાહી હાથ ધરી છે.

# ગાંધીનગરમાં બે દિકરીઓ ઝીલ ઝરણાનું આરંગેત્રમ્ યોજાયું

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગરની બે દિકરીઓએ ભારતીય સંસ્કૃતિને જીવંત રાખતી ભરતનાટયમ્ કલાને સુંદર રીતે રવિવારના રોજ સેકટર-૨૩ સ્થિત શેઠ ખિમજી વિસરામ હોલ ખાતે રજુ કરી હતી. સાત વર્ષની કઠોર સાધના બાદ કુ.જીલ અને કુ. ઝરણાએ આ સિધ્ધિ હાંસલ કરી છે.

કડી સંચાલિત આર.એન. લલિતકલા દ્વારા ગત રવિવારના રોજ શેઠ ખિમજી વિસરામ હોલ ખાતે આરંગેત્રમ્ રજુ કર્યુ હતું. એમ.બી. પટેલ કન્યા વિદ્યાલયમાં ધોરણ-૭ અને ૮માં અભ્યાસ કરતી કુ. જીલ જોષી અને કુ. ઝરણા ભાવસાર દ્વારા આરંગેત્રમ્ રજુ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે કૃષ્ણકાન્ત જહા અધ્યક્ષ કલ્ચરલ ફોરમ ગાંધીનગર અને અશોકભાઈ પટેલ ધારાસભ્ય ઉ. ગાંધીનગરના વરદ હસ્તે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ તરફથી પ્રમાણપત્ર અને રૂ.૨૫૦૦ ઈનામરૂપે એનાયત કરવામાં આવ્યા હતા.

કુ. જીલ જોષી અને કુ. ઝરણા ભાવસારની સિધ્ધિને મહાનુભાવોએ બિરદાવી હતી. બંને દિકરીઓ દ્વારા રજૂ કરવામાં આવેલી કલા કાબીલે દાદ હતી. આ પ્રસંગે ડૉ. કનુભાઈ પટેલ પ્રમુખ કેળવણી મંડળ, શ્રીમતી પ્રિતિબેન દવે પ્રમુખ સાચોરા જ્ઞાતિ, મહેન્દ્રભાઈ ભાવસાર, પ્રમુખ ભાવસાર સમાજ તેમજ ભગીની સંસ્થાના આચાર્યશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે કલાગુરુ શકુંતલાબેન ઓઝાને પણ બિરદાવવામાં આવ્યા હતા. કાર્યક્રમનું માર્ગદર્શન હિનાબેન ડોડીયા અને આભારવિધિ ડૉ. વર્ષાબેન પારેખે કરી હતી.



મેલેરિયા વિરોધી માસ જુન-૨૦૧૪ ની ઉજવણી ના ભાગ રૂપે અર્બન હેલ્થ સેન્ટર, સેકટર-૨૯ દવારા આદીવાડા ગામ માં તા.૨૦/૦૬/૨૦૧૪ ના રોજ સગર્ભા મેળાનું આયોજન કરેલ હતું. આ મેળામાં ૪૦ જેટલી સગર્ભા બહેનો એભાગ લીધેલ.ભાગ લેનાર તમામ બહેનો નું સંપૂર્ણ મેડીકલ ચેકઅપ પી.પી.યુનિટ સીવીલ હોસ્પીટલ ગાંધીનગર ના મે.ઓ. ડૉ. વાસુકીબેન દવારા કરવામાં આવેલ તેમજ અર્બન હેલ્થ સેન્ટર સેકટર-૨૯ ના મેડીકલ ઓફિસરડૉ. ગીરીશ પટેલ અને આરોગ્ય વિભાગ, મહાનગર પાલિકાના મે.ઓ. ડૉ. હેમાબેન દવારા તમામ ને આરોગ્ય શિક્ષણ પુરું પાડવામાં આવેલ. કાર્યક્રમ ના અંતે આદીવાડા ના સામાજીક કાર્યકર શ્રીમતી જનકબા વિક્રમસિહ બિહોલા તરફથી ગામની કોઈપણ સગર્ભા બહેન નું મેલેરીયા થી મૃત્યુ ન થાય તેવા હેતુથી દરેક બહેનને દવાયુકત મચ્છરદાની ભેટ રૂપે આપવામાં આવેલ આ કાર્યક્રમ સફળ બનાવવામાં અર્બન હેલ્થ સેન્ટર સેકટર-૨૯ સ્ટાફ, આદીવાડા આંગણવાડી કાર્યકર બહેનો દવારા ખુબજ મહેનત કરેલ.

# મુખ્યમંત્રીનો સન્માનવા આવેલો સરાણીયા સમાજ પ્રવેશદ્વારેથી પરત ફર્યો

## પ્રવેશ મંજુરી ન મળતા સમાજના સભ્યો નિરાશ થઈ પરત ફર્યા

ગાંધીનગર, તા. ૨૩

ગુજરાતની અતિ પછાત વિચરતી જાતિ સરાણીયા જાતિ દ્વારા ગુજરાતના પ્રથમ મુખ્યમંત્રી આનંદીબેન પટેલનું ફૂલહારથી અભિવાદન કરવા માટે આવ્યા હતા. પરંતુ તંત્ર દ્વારા સરાણીયા જાતિના હોદ્દેદારોને મુલાકાત માટે પ્રવેશ પાસ ન આપતા નિરાશ થઈ પ્રવેશદ્વારેથી જ પાછા જવુ પડ્યું હતુ.

રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી અને મુખ્યમંત્રી આનંદીબેન પટેલને રાજ્યભરમાંથી શુભેચ્છા પાઠવવામાં આવી રહી છે. ત્યારે નાની અને ગરીબ પછાત સરાણીયા જાતિ દ્વારા પણ ફૂલ નહિ તો ફૂલની પાંખડી સમાન મુખ્યમંત્રીનું સન્માન કરવા માટે આજરોજ ગાંધીનગર ખાતે આવ્યા હતા.

ત્યારે સરાણીયા સેવા મંડળના હોદ્દેદારોને પ્રવેશદ્વારેથી નિરાશ થઈ ફરવુ પડ્યું હતું. મંડળના સભ્યોએ જણાવ્યું હતું કે અમારા સમાજને ભાજપા દ્વારા ઘણી મદદ કરવામાં આવી છે. અમારો સમાજ આર્થિક રીતે સધ્ધર બને તે માટે સરકારે ધંધાકીય લોન, પંડિત દીનદયાલ આવાસ યોજના લોન વિધવા સહાય મળી રહે તે માટે સરકારી લાભો મળી રહે તે માટે પણ વિનંતી કરવામાં આવી છે.

સરાણીયા સેવા મંડળના ગુલાબભાઈ સૈનિકે જણાવ્યું હતું કે છેલ્લા ૩૦ વર્ષથી ભાજપાનો સૈનિક છુ છતાં પણ મુખ્યમંત્રીને મળવાની અને સન્માનવાની મંજુરી ન મળતા નિરાશ થયો છુ.

# ઘરફોડ ચોરી અટકાવતું સુરક્ષાનું તાળું ખરીદવા શહેરીજનોમાં ઉત્સાહ

## તાળું તોડવાનો પ્રયત્ન પણ થાય તો તરત સાયરન વાગવા લાગે તેવા ૪૦થી વધુ તાળા વેચાયા

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર શહેરમાં વધતા ઘરફોડ ચોરીના ગુનાઓ અટકાવવા માટે જીલ્લા પોલીસ તંત્ર દ્વારા એક નવતર -યોગ હાથ ધર્યો છે. જેના આધારે બંધ મકાનમાં -વેશવા માટે કોઈ પણ ઘરફોડીયાઓ તાળું તોડવાનો -યાસ સુદ્ધા પણ કરે તો સાયરન રણકી ઉઠે. સુરક્ષા સેતુ અંતર્ગત હાથ ધરાયેલા આ નવતર -યોગ અન્વયે નવીન -કારના તાળાનું પોલીસ જ વેચાણ કરે છે તેમાં ભારે રસ જોવા મળ્યું છે. આ તાળાની કિંમત પૈકી માત્ર ૭૦ ટકા રકમ જ રહીશો પાસેથી વસુલવામાં આવે છે જયારે સલામતીના ભાગરૂપે ૩૦ ટકા ખર્ચ સુરક્ષા સેતુની ગ્રાન્ટ માંથી ફાળવવામાં આવે છે. અત્યાર સુધીમાં ૪૦ થી વધુ તાળાઓ વેચાઈ ગયા છે. ડીમાન્ડ વધશે તો વધુ તાળા પણ પોલીસ લાવી આપશે.

ગાંધીનગર શહેરમાં ઘરફોડ ચોરીનું -માણ દિન-તિદિન વધી રહ્યું છે. તહેવારો ઉપરાંત આડા દિવસે પણ સેકટરોમાં તસ્કરો તક મળતા જ હાથફેરો કરી લે છે. આ દરમિયાન સેકટરોમાં બંધ મકાનોને તસ્કર ટોળકી વિશેષરૂપે ટાર્ગેટ બનાવે છે. સેકટરોમાં વધતા ઘરફોડ ચોરીના બનાવો સંદર્ભે એક તરફ પોલીસ પેટ્રોલિંગ વધારવા -બળ માંગ ઠવા પામી છે.

બીજી તરફ તસ્કરી વૃત્તિ ડામવા આમ નાગરીકોમાં પણ જાગૃતિનો અભાવ વર્તાય છે. આ સઘળી સ્થિતિ વચ્ચે સેકટરોમાં ફરતા જાણભેદુ ઈસમો તથા ઘરફોડીયાઓ તક મળતા જ ઘરમાં ઘુસી હાથફેરો કરી લેવાનું ચુકતા નથી. આવા સંજોગોમાં પોલીસ તંત્ર માટે પણ ઘરફોડ ચોરીના ગુના ડામવાનું મુશ્કેલ બન્યું છે. વેકેશન અને રજાના સમયગાળા દરમિયાન બહારગામ જતા પરિવારજનો પોતાના બંધ મકાન અંગે પોલીસને માહિતગાર કરવામાં જાગૃતિ દાખવતા નથી.

જયારે હવે પોતાના બંધ મકાનમાં પોલીસનું તાળું લગાવી કિંમતી દાગીના અને સરસામાન સલામત રાખવા નવતર -યોગ હાથ ધર્યો છે. સુરક્ષા સેતુની આ યોજના અન્વયે સેકટરોના બંધ મકાનને ઘરફોડ ચોરીથી બચાવવા પોલીસ દ્વારા મકાનમાલિકોને વિશેષ -કારનું તાળું આપવામાં આવી રહ્યું છે. આ તાળું તોડવા કે ખોલવા માટે કોઈ પણ શખ્સ બળપૂર્વક -યત્ન કરશે તો સાયરન વાગી ઉઠશે અને નજીકમાં પેટ્રોલિંગ કરતી પોલીસને પણ જાણ થઈ જશે.

-ાથમિક તબક્કે ૭૦૦ રૂપિયાની બજાર કિંમત ધરાવતા આ તાળાનું વેચાણ ૩૦ ટકા રાહતદર સાથે એટલે કે અંદાજે રૂ.૫૦૦ માં કરવામાં આવશે. આ તાળા ખરીદવા માટે શહેરીજનોમાં રસ જોવા મળ્યો છે. અત્યાર સુધીમાં ૪૦ થી વધુ તાળા વેચાય ગયા છે. અને હજુ પબ્લિક ડીમાન્ડ વધશે તો સલામતીના હેતુસર વધુ તાળા પણ રાહતદરે વેચવામાં આવશે.

# આરટીઈના ઉલ્લંઘન મામલે સરકાર, ડીપીએસને નોટીસ

અમદાવાદ, તા.૨૩

રાઈટ-ટુ-એજ્યુકેશન અંતર્ગત ગરીબ-નબળા વર્ગના વિદ્યાર્થીઓ માટે ૨૫ ટકા અનામત રાખવાની મહત્વની જોગવાઈનું રાજ્યમાં કેટલીક શાળાઓ દ્વારા સતત ઉલ્લંઘન થતું હોવાની બાબત અંગે ગુજરાત હાઈકોર્ટમાં થયેલી જાહેરહિતની અરજીમાં ચીફ જસ્ટીસની ખંડપીઠે રાજ્ય સરકાર, દિલ્હી પબ્લીક સ્કુલ (ડીપીએસ) સહિત અન્યોને નોટીસ પાઠવી છે અને અરજીની વધુ સુનાવણી ૮મી જુલાઈના રોજ નિયત કરી છે.

રાજ્યમાં કેટલીક શાળાઓ દ્વારા રાઈટ-ટુ-એજ્યુકેશન એક્ટનો સરેઆમ ઉલ્લંઘન થઈ રહ્યું છે તે મુદ્દે સામાજીક કાર્યકર પ્રકાશ કાપડીયા નામના અરજદારે ગુજરાત હાઈકોર્ટમાં અરજી દાખલ કરી હતી. જેની આજરોજ સુનાવણીમાં અરજદાર તરફથી એવી રજુઆત કરવામાં આવી હતી કે વર્ષ ૨૦૦૯માં સુપ્રીમ કોર્ટે આદેશ આપ્યો હતો કે રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ હેઠળ તમામ શાળાઓમાં ફરજીયાત રીતે ગરીબ અને પછાત વર્ગના બાળકો માટે ૨૫ ટકા જગ્યા અનામત રાખવી પડશે. સુપ્રીમ કોર્ટે ગરીબ-નબળા વર્ગને શિક્ષણ મળે તે હેતુથી આ ખાસ જોગવાઈ કરી હતી. વર્ષ ૨૦૧૨માં તમામ રાજ્યએ આ નીતિનું પાલન કરવાની બાંહેધરી આપી હતી. સાથે-સાથે શાળાઓએ પણ નીતિનું પાલન કરવા બાંહેધરી આપી હતી પરંતુ રાજ્યમાં કેટલીક શાળાઓ દ્વારા સુપ્રીમ કોર્ટના હુકમનું પાલન કરવામાં આવી રહ્યું નથી.

# વય નિવૃત્ત સમારોહ યોજાયો

ગાંધીનગર, તા. ૨૩

કુબેરનગર વસાહત મંડળના પ્રમુખ તથા ગુજરાત ગ્રામ્ય ગૃહ નિર્માણ બોર્ડના કર્મચારી શ્રી જુમ્માશા એમ. દિવાન વયમર્યાદાના કારણે નિવૃત્ત થતા તેમનો સત્કાર સમારંભ તા. ૨૨ જૂન ૨૦૧૪ના રોજ સાંજે ૬ કલાકે વાવોલ ખાતે શ્રી જોગમાયા મંદિરના પટાંગણમાં યોજાયો હતો.

માજી સરપંચ શ્રી વિક્રમસિંહ ગોલની અધ્યક્ષતામાં યોજાયેલા આ સત્કાર સમારંભમાં શ્રી કમલેશકુમાર સોલંકી (કમલ સિતારા), શ્રી દિપસિંહ ઠાકોર, શ્રી અમરાજી જે. ઠાકોર, શ્રી ચંદ્રેશભાઈ સી. રાવલ, શ્રી કાળાજી સોમાજી ઠાકોર, શ્રી ભવાનજી ઠાકોર, શ્રી છગનભાઈ વાલેરા તેમજ કુબેરનગરવાસીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૫.૫૮

સૂર્યાસ્ત : ૭.૨૪

## તાપમાન

મહત્તમ : ૪૦.૦ ડિ.સે.

લઘુત્તમ : ૨૯.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૬ ટકા ● સાંજે ૩૮ ટકા

## મનોરંજન

### સીટી પલ્સ

: સ્ક્રીન-૧ :

હમશકલ : ૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :

હમશકલ : ૧૨.૩૦

હોલીડે : ૩.૪૫, ૭.૦૦, ૧૦.૧૫

: સ્ક્રીન-૩ :

ડ્રેગોન-૨ (અંગ્રેજી) ૭.૦૦

હોલીડે : ૭.૦૦

હમશકલ : ૧૦.૦૦

સ્ક્રીન-૪ :

હમશકલ : ૧૦.૦૦

મછલી જલ કી રાની હૈ : ૪.૦૦

ફગલી : ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૫ :

હમશકલ : ૧૦.૦૦

હોલીડે : ૧૨.૪૫

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :

ડ્રેગોન-૨ (૩-ડી, હિન્દી) : ૧૧.૦૦,૧.૧૫,૬.૦૦,૮.૧૫

ફિલ્મીસ્તાન : ૩.૩૦

હોલીડે : ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :

ફગલી : ૧૦.૪૫, ૧.૩૫, ૪.૨૫, ૭.૧૫, ૧૦.૦૫

: સ્ક્રીન-૩ :

હોલીડે : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૪ :

હોલીડે : ૯.૦૦, ૧૨.૦૦, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦

### સૂર્યા સિનેમા (વાવોલ)

ઘાતક : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

હમશકલ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :

હમશકલ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

: સ્ક્રીન-૩ :

હોલીડે : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

## આપની આજ

**મેષ** : વહીવટના ક્ષેત્રોમાં ઉચ્ચસ્તરીય, કુટુંબમાં માંગલિક કાર્યોનો યોગ. મિત્રોની સાથે સમય પસાર થઈ શકશે. ધર્મ, આધ્યાત્મ, જ્ઞાન વૃદ્ધિના કાર્યોમાં સમય પસાર થશે.

**વૃષભ** : ધૈર્ય અને સંયમ રાખવો પડશે. યોજનાનુસાર કાર્ય કરવાથી લાભ થશે. કોર્ટ-કચેરીમાં વિજય મેળવી શકશો. શત્રુ પરાસ્ત થશે. વિવાદિત કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

**મિથુન** : દૂરદર્શિતા તેમજ બુદ્ધિચાતુર્યથી મુશ્કેલીઓ દૂર થઈ શકે છે. રાજકીય- સામાજિક સમસ્યાઓમાં સહયોગ કરવો પડશે. ભાગ્યવર્ધક ધાર્મિક કાર્યો થઈ શકશે.

**કર્ક** : વ્યર્થ ભ્રમમાં ન રહેતા સ્વવિવેકથી કામ કરશો તો સફળતા સંભવ છે. ધાર્મિક કાર્યોમાં મન લાગશે. શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી.

**સિંહ** : પ્રસન્નતા અને આશાજનક વાતાવરણને કારણે પ્રયાસો સાર્થક થશે. વ્યાપાર, રોજગારમાં સમય પર નિર્ણય ન લેવાથી હાનિ થઈ શકે છે. સામાજિક કાર્યોમાં યશ અને સન્માનમાં વધારો થશે. વ્યાપાર સારો ચાલશે.

**કન્યા** : નવી યોજના બનશે જેનો લાભ ભવિષ્યમાં થશે, પર્યત્નો ચાલુ રાખવા, કુટુંબમાં સામંજસ્ય બન્યુ રહેશે. મિત્રો અને વાંચવા લખવાનાં કાર્યોમાં રુચિ જાગૃત થશે .

**તુલા** : તમારા કાર્યોની સમાજમાં પ્રસન્નતા થશે, સ્થાયી સંપત્તિની આકાંક્ષા પૂર્ણ થવાની સંભાવના રહેશે. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. ગહન શોધ, જ્ઞાન તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં ગહન શોધનો યોગ.

**વૃશ્ચિક** : વેપારમાં સમસ્યાઓ છતાં કાર્ય થવાનો યોગ. આર્થિક ક્ષેત્રમાં સમસ્યાઓ ઉભી થવાની સંભાવનાઓ છે. ખાનપાનમાં સંયમ રાખવું.ઉચ્ચસ્તરીય સન્માન પ્રાપ્ત થઈ શકે છે.

**ધન** : કૌટુંબિક સમસ્યાઓનું સમાધાન આવી શકશે. વિચારેલા કાર્ય આજે પૂર્ણ થઈ શકે છે. સામાજિક ક્ષેત્રોમાં માન- સન્માન, પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થઈ શકશે.

**મકર** : આપ પોતાની બુદ્ધિ બળે કાર્યમાં વૃદ્ધિ થઈ શકશે. આપનો પ્રભાવ વધવાથી શત્રુ પરાસ્ત થશે. પ્રયત્નોનો ફળ તરત જ પ્રાપ્ત થઈ શકે છે.

**કુંભ** : વ્યક્તિગત કાર્યોમાં ઉન્નતિ થશે. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિણામ પ્રાપ્ત થવાની સંભાવના છે. જ્ઞાન શોધના કાર્યોમાં મન લાગશે. ધ્યાન, સમાધિ, ગુપ્ત જ્ઞાન સંબંધી કાર્ય થઈ શકશે. વાદ-વિવાદથી દૂર રહેવું.

**મીન** : ધન પ્રાપ્તિનો વિશેષ યોગ. સંચિત ધનમાં વૃદ્ધિનો યોગ. માનસિક શાંતિ જાળવી રાખવી. નવા સંબંધો બંધાશે. ઘરમાં મહેમાન આવી શકે છે. મિત્રોનો સહકાર મળી રહેશે.

## ચિરવિદાય

- સ્વ. રણજીતસિંહ પ્રતાપસિંહ રાણા (ઉ.વ. ૬૫) ગામ - ધરમપુર, તા.જી. ગાંધીનગર.
- સ્વ. મણીબેન માસંગજી ઠાકોર (ઉ.વ. ૫૦)ગામ - પાલજ. તા.જી.ગાંધીનગર.
- સ્વ. રેખાબેન વિક્રમજી ઠાકોર (ઉ.વ. ૧૯) ગામ-વડવાસા, તા.દહેગામ, જી. ગાંધીનગર.